# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 09-08-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : FRIDAY** **National News**

## આકાશવાણી સમાચાર સોનલ પરમાર વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કર્ણાટકમાં બેંગલુરુના કેએસઆર રેલ્વે સ્ટેશન પર ત્રણ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે.
2) પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીએ આજે કાકોરી ઘટનાના ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ આપી.
3) વાયુસેના વડા એ.પી. સિંહે કહ્યું કે , ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાંચ પાકિસ્તાની ફાઇટર જેટ તોડી પાડ્યા છે.
4) આગામી બે-ત્રણ વર્ષમાં ભારતની સંરક્ષણ નિકાસ બમણી થવાની ધારણા.
5) એશિયા રગ્બી અંડર- 20ની સાતમી ચેમ્પિયનશિપની મેચો આજથી બિહારના રાજગીરમાં શરૂ.

..............................................................

સમાચારને અંતે (આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા )
(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# PM Karnataka

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે કર્ણાટક ના એક દિવસના પ્રવાસે જશે. શ્રી મોદી બેંગલુરુના કેએસઆર રેલ્વે સ્ટેશન પર ત્રણ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેનોને લીલી ઝંડી આપશે. આમાં બેંગલુરુથી બેલગામ , અમૃતસરથી શ્રી માતા વૈષ્ણોદેવી કટરા અને નાગપુર (અજની) થી પુણે સુધીની ટ્રેનોનો સમાવેશ થાય છે.

પ્રધાનમંત્રી ત્યારબાદ બેંગલુરુ મેટ્રોની યલો લાઇનને લીલી ઝંડી આપશે. શ્રી મોદી આર.વી. રોડ, રાગીગુડ્ડાથી ઇલેક્ટ્રોનિક સિટી મેટ્રો સ્ટેશન સુધી મેટ્રોની સવારી પણ કરશે. તેઓ બેંગલુરુમાં શહેરી કનેક્ટિવિટી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યા પછી એક જાહેર સભા સંબોધશે. આ દરમિયાન, શ્રી મોદી 15 હજાર 610 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે બેંગલુરુ મેટ્રો પ્રોજેક્ટના ત્રીજા તબક્કાનો શિલાન્યાસ કરશે. પ્રોજેક્ટની કુલ લંબાઈ 44 કિલોમીટરથી વધુ હશે અને તેમાં 31 એલિવેટેડ સ્ટેશન હશે.

# PM-Kakori new

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કાકોરી ઘટનાના ક્રાંતિકારીઓને શ્રદ્ધાંજલિ આપી. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે 100 વર્ષ પહેલાં, લખનૌ નજીક કાકોરીમાં દેશભક્ત ભારતીયોએ હિંમત દર્શાવી અને તે સમયના શાસન સામે લોકોએ ગુસ્સો દર્શાવ્યો. તેમણે કહ્યું કે આ દેશભક્તો ગુસ્સે હતા કારણ કે વસાહતી શોષણને પ્રોત્સાહન આપવા માટે જાહેર નાણાંનો દુરુપયોગ થઈ રહ્યો હતો. પ્રધાનમંત્રીએ કહ્યું કે ક્રાંતિકારીઓની બહાદુરીને ભારતના લોકો હંમેશા યાદ રાખશે. તેમણે કહ્યું કે સરકાર મજબૂત અને સમૃદ્ધ ભારતના તેમના સપનાને સાકાર કરવા માટે કામ કરવાનું ચાલુ રાખશે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે કાકોરી ટ્રેન કાર્યવાહી ભારતના સ્વતંત્રતા સંગ્રામમાં હિંમત, બલિદાન અને દેશભક્તિનું પ્રતીક છે. એક સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી શાહે કહ્યું કે 9 ઓગસ્ટ 1925 ના રોજ, રામપ્રસાદ બિસ્મિલ, ચંદ્રશેખર આઝાદ અને અશફાકુલ્લા ખાન જેવા નાયકોએ અંગ્રેજોની લૂંટ સામે ક્રાંતિની મશાલ

પ્રગટાવીને બ્રિટીશ સામ્રાજ્યના પાયા હચમચાવી નાખ્યા હતા. ગૃહમંત્રીએ કહ્યું કે દેશ હંમેશા આ નાયકોની બહાદુરી અને હિંમતનો આભારી રહેશે.

# Uttar Pradesh - Kakori

ઉત્તર પ્રદેશમાં કાકોરી ટ્રેન એક્શનની વર્ષગાંઠ નિમિત્તે આજે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે બહાદુરીની આ ગાથા દેશવાસીઓ માટે પ્રેરણારૂપ છે.

પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહગલે આજે લખનૌમાં કોકોરો આર્ટ ગેલેરી ખાતે દસ્તવેજ નામના દુર્લભ અને ઐતિહાસિક અખબારોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રદર્શન આ મહિનાની 12મી તારીખ સુધી મુલાકાતીઓ માટે ખુલ્લું રહેશે.

# Air Force Chief

વાયુસેના વડા એર ચીફ માર્શલ એ.પી. સિંહે કહ્યું છે કે ભારતે ઓપરેશન સિંદૂર દરમિયાન પાંચ પાકિસ્તાની ફાઇટર જેટ તોડી પાડ્યા છે. આજે બેંગલુરુમાં આયોજિત 16મા એર ચીફ માર્શલ એલ.એમ. કાત્રે વ્યાખ્યાનને સંબોધતા વાયુસેના વડાએ કહ્યું કે ભારતે પાકિસ્તાન વાયુસેનાના પાંચ વિમાન અને એક AWACS વિમાન તોડી પાડ્યું હતું. વિડીયો ફૂટેજ સાથે વિગતવાર વાત કરતા તેમણે કહ્યું કે તેમણે ઓછામાં ઓછા પાંચ ફાઇટર જેટ તોડી પાડવાની પુષ્ટિ કરી છે. તેમણે શાહબાઝ જેકોબાદ એરબેઝ પરના હુમલાનો પણ ઉલ્લેખ કર્યો.

(બાઇટ-એ.પી.સિંહ)

# Trams PUTIN

યુક્રેનમાં યુદ્ધના ભવિષ્ય અંગે ચર્ચા કરવા માટે અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન આગામી શુક્રવારે અલાસ્કામાં મળશે. સોશિયલ

મીડિયા પોસ્ટમાં , ટ્રમ્પે 15 ઓગસ્ટની બેઠકની જાહેરાત કરી હતી અને પાછળથી ક્રેમલિનના પ્રવક્તાએ તેની પુષ્ટિ કરી હતી,

# India- Defense Exports

ગયા વર્ષે ભારતની સંરક્ષણ નિકાસ રૂ પિયા ૨૩ હજાર કરોડની હતી. આગામી બે-ત્રણ વર્ષમાં તે બમણી થવાની ધારણા છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ વિભાગના સચિવ અને ઇન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ ડિફેન્સ ટેકનોલોજીના ગવર્નિંગ કાઉન્સિલના અધ્યક્ષ ડૉ. સમીર કામતે આજે પુણેમાં સંસ્થાના ૧૪મા દીક્ષાંત સમારોહ બાદ પત્રકારો સાથે વાત કરતા આ માહિતી આપી હતી.

તેમણે કહ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન , ભારતીય સશસ્ત્ર દળોને સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન દ્વારા ઉત્પાદિત સ્વદેશી શસ્ત્રો અને સાધનો દ્વારા ખૂબ મદદ મળી હતી. તેમણે માહિતી આપી હતી કે મિસાઇલ અને સાધનોના ઉત્પાદનમાં સંપૂર્ણ આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે સંરક્ષણ ઉદ્યોગ અને શૈક્ષણિક સંસ્થાઓના સહયોગથી ૧૫ શ્રેષ્ઠ કેન્દ્રો સ્થાપિત કરવામાં આવી રહ્યા છે.

# Bihar Asia Rugby

એશિયા રગ્બી અંડર- 20 સાતમી ચેમ્પિયનશિપની મેચો આજથી બિહારના રાજગીરમાં શરૂ થઇ. ઇન્ટરનેશનલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ઓપનિંગ મેચ રમાઈ હતી. ચેમ્પિયનશિપમાં પુરુષોની શ્રેણીની પહેલી મેચમાં શ્રીલંકાએ હોંગકોંગને હરાવ્યું હતું.

પુરુષોની શ્રેણીમાં ભારતે જીત સાથે પોતાના અભિયાનની શરૂઆત કરી હતી. ભારતે સંયુક્ત આરબ અમીરાતને 24 પોઈન્ટ મેળવીને હરાવ્યું હતું. આજે બપોરે પુરુષોની શ્રેણીમાં રમાયેલી બીજી મેચમાં શ્રીલંકાએ યજમાન ભારતને હરાવ્યું હતું.

આ દરમિયાન, મહિલા શ્રેણીમાં ભારતીય ટીમે કઝાકિસ્તાનને હરાવીને પોતાનો પહેલો મુકાબલો જીત્યો હતો.

## Uttarkashi - Rescue

ઉત્તરાખંડના ઉત્તરકાશી જિલ્લાના ધરાલી-હર્ષીલ આપત્તિગ્રસ્ત વિસ્તારમાં મોટા પાયે રાહત અને બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. હવાઈ સેવાઓ હેઠળ આધુનિક ટેકનોલોજી અને સાધનોની મદદથી મોટી સંખ્યામાં બચાવ કાર્યકરો આ કામગીરીમાં સામેલ છે. અત્યાર સુધીમાં 775 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. આ અંગે સાંભળીએ એક અહેવાલ.

(વોઇસ કાસ્ટ-સાક્ષીસિંહ)

## RAKSHABANDSAM

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનો તહેવાર રક્ષાબંધન આજે દેશભરમાં પરંપરાગત ઉત્સાહ અને ઉલ્લાસ સાથે ઉજવવામાં આવી રહ્યો છે. આ દિવસે બહેનો પોતાના ભાઈના કાંડા પર રાખડી બાંધે છે અને તેમના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરે છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદીએ રક્ષાબંધન નિમિત્તે દેશવાસીઓને શુભેચ્છા પાઠવી છે. રાષ્ટ્રપતિએ કહ્યું કે આ પવિત્ર તહેવાર સમાજમાં સંવાદિતા અને એકતાને પ્રોત્સાહન આપે છે અને ભાઈ-બહેનો વચ્ચે પ્રેમ અને વિશ્વાસના અનોખા બંધનનું પ્રતીક છે.

## Ladakh - Rakhi Ceremony

લદ્દાખમાં ચાલી રહેલા હર ઘર તિરંગા અભિયાન હેઠળ , શિક્ષણ વિભાગના સહયોગથી પ્રવાસન વિભાગે આજે કારગિલ નજીક ભારતીય સેનાના સૈનિકો માટે એક ખાસ ત્રિરંગા રક્ષાબંધન સમારોહનું આયોજન કર્યું હતું.
વિદ્યાર્થીઓએ સેનાના અધિકારીઓ અને સૈનિકોને ત્રિરંગા રાખડીઓ બાંધી હતી. આ પ્રસંગે સેનાના અધિકારીઓ અને સૈનિકોએ અધિકારીઓ અને વિદ્યાર્થીઓને ભેટ પણ અર્પણ કરી હતી.

# Punjab- Anti-drone system

પંજાબે આજે સરહદ પારથી માદક દ્રવ્યો ની દાણચોરીને રોકવા માટે સરહદી જિલ્લા તરનતારનથી "બાઝ આંખ" નામની નવી ડ્રોન વિરોધી પદ્ધતિ શરૂ કરી છે. ડ્રોન દ્વારા માદક દ્રવ્યોની દાણચોરીને રોકવા માટે આવી ત્રણ પદ્ધતિઓ શરૂ કરવામાં આવી છે. ટૂંક સમયમાં વધુ છ પદ્ધતિઓ શરૂ કરવામાં આવશે. આ પદ્ધતિ સરહદ પારથી રાજ્યમાં પ્રવેશવાનો પ્રયાસ કરતા ડ્રોનને તાત્કાલિક નિષ્ક્રિય કરશે. આ સિસ્ટમ લોન્ચ કરતા મુખ્યમંત્રી ભગવંત માન એ જણાવ્યું હતું કે આ પદ્ધતિ પઠાણકોટથી ફાઝિલ્કા સુધીની સરહદ પર સંરક્ષણની બીજી હરોળ તરીકે તૈનાત કરવામાં આવશે.